ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

# સ્પોર્ટ્સ લાઇન

શનિવાર ૨ ઓગસ્ટ, ૨૦૨૫

**પાંચમી ટેસ્ટ બીજો દિવસ : ભારત પ્રથમ દાવ : 224, કરુણ નાયર 57, ગસ એટકિન્સન 33/5, ઇંગ્લેન્ડ પ્રથમ દાવ 247, બ્રુક 53, સિરાજ 86/4, પ્રસિદ્ધ 62/4, ભારત બીજો દાવ 75/2., જયસ્વાલ 51***

# સિરાજ-પ્રસિદ્ધની જુગલબંધીએ ઇંગ્લેન્ડને મોટી સરસાઇ લેતા અટકાવ્યું

### જસપ્રીત બુમરાહને ટીમમાંથી રિલિઝ કરાયો, એશિયા કપમાં રમવું શંકાસ્પદ

લંડન/નવી દિલ્હી, તા. 01 (પીટીઆઇ) : ભારતના અગ્રણી ઝડપી બોલર જસપ્રીત બુમરાહને ઇંગ્લેન્ડ સામેની પાંચ મેચની સીરિઝમાં ત્રણ ટેસ્ટનો પોતાનો ક્વોટા પૂર્ણ કર્યા બાદ શુક્રવારે ટીમમાંથી રિલિઝ કરવામાં આવ્યો હતો. ઇંગ્લેન્ડના વર્તમાન પ્રવાસ પર, 31 વર્ષીય બુમરાહે ત્રણ મેચમાં 119.4 ઓવર ફેંકી છે અને 14 વિકેટ લીધી છે. બીસીસીઆઇએ શુક્રવારે એક રિલીઝમાં જણાવ્યું હતું કે ઇંગ્લેન્ડ સામેની શ્રેણીની પાંચમી ટેસ્ટ માટે ભારતીય ટીમમાંથી જસપ્રીત બુમરાહને રિલિઝ કરવામાં આવ્યો છે. એશિયા કપ ટી-20 ટુર્નામેન્ટમાં બુમરાહ રમે તો તે આશ્ચર્યજનક હશે.

**ડકેટ**-ક્રાઉલીની તોફાની શરૂઆત પછી ભારતની ઉમદા બોલિંગથી ઇંગ્લેન્ડને માત્ર 23 રનની સરસાઇ

**ભારતે** બીજા દાવમાં યશસ્વી જયસ્વાલની નોટઆઉટ અર્ધસદીથી બે વિકેટે 75 રન બનાવી 52 રનની સરસાઇ મેળવી



લંડન, તા. 01 (પીટીઆઇ) : અહીં રમાઇ રહેલી પાંચમી અને અંતિમ ટેસ્ટના આજે શુક્રવારે બીજા દિવસે સવારના સત્રમાં ભારતીય ટીમનો પ્રથમ દાવ 224 રને સમેટાયા પછી બેન ડકેટ અને જેક ક્રાઉલીએ અપાવેલી તોફાની શરૂઆત બાદ ભારતના ઝડપી બોલરો મહંમદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણાએ ચાર-ચાર વિકેટ ઝડપીને ઇંગ્લેન્ડ એક્સપ્રેસને પાટા પરથી ઉતારી મૂકતાં યજમાન ટીમ 247 રને ઓલઆઉટ થઇ હતી અને તેમને પ્રથમ દાવની 23 રનની નજીવી સરસાઇ મળી હતી. બીજા દિવસના અંતે ભારતે બે વિકેટે 75 રન બનાવીને ઇંગ્લેન્ડ પર 52 રનની સરસાઇ મેળવી લીધી હતી. સ્ટમ્પ સમયે યશસ્વી જયસ્વાલ 51 અને નાઇટ વોચમેન આકાશ દીપ ચાર રને ક્રિઝ પર હતા.

ભારત વતી બીજા દાવની શરૂઆતમાં જયસ્વાલે ઝડપી બેટિંગ કરી હતી, જ્યારે કેએલ રાહુલ વિકેટ સંભાળીને રમવાના પ્રયાસમાં આઉટ થયો હતો. જયસ્વાલે 49 બોલમાં સાત ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી 51 રને નોટઆઉટ રહ્યો હતો. રાહુલ સાત રને અને સાઇ સુદર્શન 11 રન કરીને આઉટ થયા હતા.

ભારતે દિવસની શરૂઆત છ વિકેટે 204 રનથી કરી હતી પરંતુ બાકીની ચાર વિકેટ માત્ર 20 રનમાં ગુમાવી દીધી હતી. ભારતીય ટીમનો પ્રથમ દાવ સમાપ્ત થયા પછી બેન ડકેટ અને ઝેક ક્રાઉલીની જોડીએ ઇંગ્લેન્ડને ઝડપી શરૂઆત અપાવી હતી. આ બંનેએ મળીને માત્ર 12.5 ઓવરમાં બોર્ડ પર 92 રન મૂકી દીધા હતા અને એ સ્કોર પર જ ડકેટ 43 રન કરીને આઉટ થયો હતો. સિરાજ અને પ્રસિદ્ધે બીજા સત્રમાં ત્રણ-ત્રણ વિકેટ ખેરવીને ઇંગ્લેન્ડને બેકફૂટ પર ધકેલ્યું હતું.

| ભારત પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ LB બો.એટકિન્સન | 2 | 9 | 0 | 0 |
| રાહુલ બો.વોક્સ | 14 | 40 | 1 | 0 |
| સુદર્શન કો.સ્મિથ બો.ટંગ | 38 | 108 | 6 | 0 |
| ગીલ રનઆઉટ | 21 | 35 | 4 | 0 |
| કરુણ LB બો.ટંગ | 57 | 109 | 8 | 0 |
| જાડેજા કો.સ્મિથ બો.ટંગ | 9 | 13 | 1 | 0 |
| જુરેલ કો.બ્રુક બો.એટકિન્સન | 19 | 40 | 2 | 0 |
| સુંદર કો.ઓવરટન બો.એટકિન્સન | 26 | 55 | 3 | 0 |
| આકાશ નોટઆઉટ | 0 | 7 | 0 | 0 |
| સિરાજ બો.એટકિન્સન | 0 | 4 | 0 | 0 |
| પ્રસિદ્ધ કો.સ્મિથ બો.એટકિન્સન | 0 | 2 | 0 | 0 |
| વધારાના | 38 | | | |
| કુલ (69.4 ઓવરમાં ઓલઆઉટ) | 224 | | | |

**વિકેટપતન** : 1/10, 2/38, 3/83, 4/101, 5/123, 6/153, 7/218, 8/220, 9/224, 10/224

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ક્રિસ વોક્સ | 14 | 1 | 46 | 1 |
| ગસ એટકિન્સન | 21.4 | 8 | 33 | 5 |
| જોશ ટંગ | 16 | 4 | 57 | 3 |
| જેમી ઓવરટન | 16 | 0 | 66 | 0 |
| જેકબ બેથલ | 2 | 1 | 4 | 0 |

| ઇંગ્લેન્ડ પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ક્રાઉલી કો.જાડેજા બો.પ્રસિદ્ધ | 64 | 57 | 14 | 0 |
| ડકેટ કો.જુરેલ બો.આકાશ | 43 | 38 | 5 | 2 |
| પોપ LB બો.સિરાજ | 22 | 44 | 4 | 0 |
| રૂટ LB બો.સિરાજ | 29 | 45 | 6 | 0 |
| બ્રુક બો.સિરાજ | 53 | 64 | 5 | 1 |
| બેથલ LB બો.સિરાજ | 6 | 14 | 1 | 0 |
| સ્મિથ કો.રાહુલ બો.પ્રસિદ્ધ | 8 | 22 | 1 | 0 |
| ઓવરટન LB બો.પ્રસિદ્ધ | 0 | 4 | 0 | 0 |
| એટકિન્સન કો.આકાશ બો.પ્રસિદ્ધ | 11 | 16 | 2 | 0 |
| ટંગ નોટઆઉટ | 0 | 7 | 0 | 0 |
| વોક્સ ઇજાને કારણે ગેરહાજર | - | - | - | - |
| વધારાના | 11 | | | |
| કુલ (51.2 ઓવરમાં ઓલઆઉટ) | 247 | | | |

**વિકેટપતન** : 1/92, 2/129, 3/142, 4/175, 5/195, 6/215, 7/215, 8/235, 9/247

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ સિરાજ | 16.2 | 1 | 86 | 4 |
| આકાશ દીપ | 17 | 0 | 80 | 1 |
| પ્રસિદ્ધ કૃષ્ણ | 16 | 1 | 62 | 4 |
| રવિન્દ્ર જાડેજા | 2 | 0 | 11 | 0 |

| ભારત બીજો દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ રમતમાં | 51 | 49 | 7 | 2 |
| રાહુલ કો.રૂટ બો.ટંગ | 7 | 28 | 1 | 0 |
| સુદર્શન LB બો.એટકિન્સન | 11 | 29 | 1 | 0 |
| આકાશ રમતમાં | 4 | 2 | 1 | 0 |
| વધારાના | 2 | | | |
| કુલ (18 ઓવરમાં બે વિકેટે) | 75 | | | |

**વિકેટપતન** : 1/46, 2/70

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ગસ એટકિન્સન | 6 | 2 | 26 | 1 |
| જોશ ટંગ | 7 | 1 | 25 | 1 |
| જેમી ઓવરટન | 5 | 1 | 22 | 0 |

## પહેલા દિવસે ફિલ્ડીંગ કરતી વખતે ઘવાયેલો ક્રિસ વોક્સ પાંચમી ટેસ્ટમાંથી બહાર

**બાઉન્ડ્રી** બચાવવાના પ્રયાસમાં વોક્સને ખભામાં થયેલી ઇજાને કારણે હવે તે પાંચમી ટેસ્ટમાં આગળ નહીં રમી શકે



લંડન, તા. 01 (પીટીઆઇ) : ઈજાગ્રસ્ત ખેલાડીઓની સમસ્યાથી પહેલાથી જ ઝઝૂમી રહેલા ઇંગ્લેન્ડને શુક્રવારે વધુ એક મોટો ફટકો પડ્યો હતો જ્યારે ઝડપી બોલર ક્રિસ વોક્સ ખભાની ઈજાને કારણે ભારત સામે ચાલી રહેલી પાંચમી અને અંતિમ ટેસ્ટમાંથી બહાર થઈ ગયો હતો. ગુરુવારે, મેચના પહેલા દિવસે, કરુણ નાયરના શોટ પર બાઉન્ડ્રી બચાવવાનો પ્રયાસ કરતી વખતે વોક્સ ઘાયલ થયો હતો અને તેને મેદાન છોડીને જવું પડ્યું હતું. જ્યારે વોક્સ મેદાન છોડીને ગયો, ત્યારે તેનો ડાબો હાથ સ્વેટરમાં લપેટાયેલો હતો અને તે પીડાથી કણસતો હતો. ઇંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારત સામેની મેચના પહેલા દિવસે ડાબા ખભામાં ઈજા થયા બાદ વોક્સને પાંચમી ટેસ્ટ મેચના બાકીના સમય દરમિયાન નિરીક્ષણ હેઠળ રાખવામાં આવશે.

## વાનખેડે સ્ટેડિયમના નવા બનનારા મ્યુઝિયમમાં સુનીલ ગાવસ્કરની પ્રતિમા મૂકાશે : MCA

**ગુજરાતમિત્રના** કોલમિસ્ટ સુનિલ ગાવસ્કરની પ્રતિમા નવા મ્યુઝિયમના પ્રવેશદ્વારે મૂકવામાં આવશે




મુંબઇ, તા. 01 : મુંબઈ ક્રિકેટ એસોસિએશન (એમસીએ) દ્વારા ગુરુવારે મોટી જાહેરાત કરવામાં આવી હતી કે મુંબઇના વાનખેડે સ્ટેડિયમ ખાતે માજી ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કરની પ્રતિમા બનાવવામાં આવશે. સાથે જ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) ના માજી પ્રમુખ શરદ પવારની પ્રતિમા પણ બનાવવામાં આવશે. તેનું ઉદ્દઘાટન આ મહિને થવાનું છે.

વાસ્તવમાં મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં એક ક્રિકેટ મ્યુઝિયમ બનવા જઈ રહ્યું છે. તેનું નામ એમસીએ શરદ પવાર ક્રિકેટ મ્યુઝિયમ રાખવામાં આવ્યું છે. આ મ્યુઝિયમનું ઉદ્દઘાટન આ મહિનાના બીજા ભાગમાં થશે. આ મ્યુઝિયમમાં સુનીલ ગાવસ્કરની પ્રતિમા રાખવામાં આવશે.

### MCAના આ સન્માન પર સુનીલ ગાવસ્કરે ખુશી વ્યક્ત કરી

ભારતીય ટીમના માજી કેપ્ટન અને ગુજરાતમિત્રના કોલમિસ્ટ સુનિલ ગાવસ્કરે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે મારી મૂળ સંસ્થા મુંબઈ ક્રિકેટ એસોસિએશને નિર્ણય લીધો છે કે મારી પ્રતિમા નવા એમસીએ શરદ પવાર ક્રિકેટ મ્યુઝિયમના પ્રવેશદ્વાર પર મૂકવામાં આવશે તેનાથી હું ખૂબ જ ખુશ છુ અને સન્માનિત અનુભવી રહ્યો છું. હું હંમેશા મુંબઈ ક્રિકેટ એસોસિએશનનો આભારી છું, જેના કારણે મેં ક્રિકેટમાં મારું પહેલું પગલું ભર્યું અને પછી મને દેશ માટે રમવાની તક મળી. હું આ ક્ષણે કેટલો ખુશ છું તે કહી શકતો નથી.

## નવાઝની એક ઓવરમાં ત્રણ વિકેટની મદદથી પાકિસ્તાને પ્રથમ ટી-20માં વેસ્ટ ઈન્ડિઝને હરાવ્યું

લોડરહિલ, તા. 01 : અહીં રમાયેલી પ્રથમ ટી-20 ઈન્ટરનેશનલમાં ડાબોડી સ્પિનર મહંમદ નવાઝે એક ઓવરમાં ત્રણ વિકેટ ઝડપવાના કારણે પાકિસ્તાને શાનદાર વાપસી કરીને વેસ્ટ ઈન્ડિઝને 14 રનથી હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ માટે આમંત્રણ મળ્યા બાદ, પાકિસ્તાને સેમ અયુબના 38 બોલમાં 57 રનની મદદથી છ વિકેટે 178 રન બનાવ્યા હતા. જવાબમાં, વેસ્ટ ઈન્ડીઝની ટીમ સારી શરૂઆત છતાં, સાત વિકેટે 164 રન જ બનાવી શકી હતી. ઓપનર જોન્સન ચાર્લ્સ અને 18 વર્ષીય ડેબ્યુટન્ટ જ્વેલ એન્ડ્રુએ વેસ્ટ ઈન્ડિઝને 72 રનની ઓપનિંગ ભાગીદારી સાથે સારી શરૂઆત અપાવી હતી, પરંતુ પોતાની પ્રથમ ત્રણ ઓવરમાં 20 રન આપનારા નવાઝે મેચને નાટકીય રીતે પલટી નાખી હતી. તેણે 12મી ઓવરની શરૂઆતમાં એન્ડ્રુને આઉટ કર્યો અને પછી ચોથા અને પાંચમા બોલમાં ચાર્લ્સ અને ગુડાકેશ મોતીની વિકેટ લઈને વેસ્ટ ઈન્ડિઝનો સ્કોર ત્રણ વિકેટે ૭૫ રન કરી દીધો હતો. તે પછી કેપ્ટન શે હોપ આઉટ થતાં વેસ્ટ ઈન્ડિઝે પાંચ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી.

## સિરાજ ઇંગ્લેન્ડમાં સૌથી વધુ વાર એક દાવમાં ચાર વિકેટ લેનારો બોલર બન્યો



ભારતીય ઝડપી બોલર મહંમદ સિરાજે આજે ઓવલમાં ચાર વિકેટ લઇને ઇંગ્લેન્ડમાં ટેસ્ટની એક ઇનિંગ્સમાં સૌથી વધુવાર ચાર વિકેટ લેવા મામલે જસપ્રીત બુમરાહને ઓવરટેક કરીને મુથૈયા મુરલીધરન અને વકાર યુનુસની બરાબરી કરી છે. સિરાજે આજની સાથે છ વાર ચાર વિકેટ લીધી છે જ્યારે બુમરાહે ઇંગ્લેન્ડમાં પાંચ વાર ચાર વિકેટ લીધી છે. આ સાથે જ હાલની સીરિઝમાં સિરાજ સર્વાધિક વિકેટ લેનારો બોલર બન્યો છે. તેણે આ સીરિઝમાં 18 વિકેટ લીધી છે. બેન સ્ટોક્સ 17 વિકેટ સાથે તેનાથી પાછળ છે.

**ઇંગ્લેન્ડમાં ટેસ્ટની એક ઇનિંગમાં સર્વાધિકવાર ચાર વિકેટ**

| ખેલાડી | દેશ | ચાર વિકેટ |
|---|---|---|
| મહંમદ સિરાજ | ભારત | છ વાર |
| મુથૈયા મુરલીધરન | શ્રીલંકા | છ વાર |
| વકાર યુનુસ | પાકિસ્તાન | છ વાર |
| જસપ્રીત બુમરાહ | ભારત | પાંચ વાર |
| મહંમદ આમિર | પાકિસ્તાન | પાંચ વાર |

## છૂટાછેડા પછી મને આત્મહત્યાના વિચારો પણ આવ્યા હતા : યુઝવેન્દ્ર ચહલ

**મેં ક્યારેય** કોઇની સાથે છેતરપિંડી કરી નથી : ધનશ્રી સાથેના છુટાછેડા પછી પહેલીવાર ચહલે ખુલીને વાત કરી



નવી દિલ્હી, તા. 01 : ભારતના લેગ-સ્પિનર યુઝવેન્દ્ર ચહલે ધનશ્રી વર્માથી છૂટાછેડા પછી માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ સાથેના પોતાના સંઘર્ષ વિશે ખુલાસો કર્યો છે, અને ખુલાસો કર્યો છે કે તેણે ક્યારેય કોઈની સાથે છેતરપિંડી કરી નથી અને તેના જીવનના આ મુશ્કેલ તબક્કા દરમિયાન આત્મહત્યાના વિચારો પણ આવ્યા છે.

ચહલે રાજ શમાની પોડકાસ્ટ પર પોતાના અંગત જીવનના કેટલાક મહત્વપૂર્ણ પાસાઓ વિશે ખુલાસો કરીને કહ્યું કે છૂટાછેડાનો નિર્ણય અચાનક લેવામાં આવ્યો ન હતો. તેણે કહ્યું હતું કે છૂટાછેડા પછી, મને છેતરપિંડી કરનાર કહેવામાં આવ્યો. પણ મેં મારા જીવનમાં ક્યારેય કોઈને છેતર્યા નથી. કદાચ હું બીજા કરતા વધુ વફાદાર છું. મેં હંમેશા મારા પ્રિયજનો માટે મારા હૃદયથી વિચાર્યું છે. તેણે કહ્યું હતું કે છૂટાછેડા પછી તે ભાવનાત્મક રીતે તૂટી ગયો હતો. મને આત્મહત્યાના વિચારો આવતા હતા. હું દિવસમાં ઘણી વખત રડતો હતો અને ફક્ત બે કલાક જ સૂતો હતો. મારે નવર્સ બ્રેકડાઉનનો સામનો કરવો પડ્યો. ફક્ત મારા નજીકના લોકો જ જાણતા હતા કે હું શેમાંથી પસાર કરી રહ્યો છું.

## વર્લ્ડ સ્વિમિંગ : કેટ ડગ્લાસે ૨૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોકમાં પહેલો ગોલ્ડ જીત્યો

**હંગેરીના** હુબર્ટ કોસે પુરુષોની 50 મીટર બેકસ્ટ્રોક વર્લ્ડ ટાઇટલ ફરીથી જીત્યું



સિંગાપોર, તા. 01 : ગત વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં બે સિલ્વર મેડલ અને એક બ્રોન્ઝ જીત્યા બાદ આખરે અમેરિકાની કેટ ડગ્લાસે હાલમાં અહીં ચાલી રહેલી 2025ની એડિશનમાં 200 મીટર બ્રેસ્ટસ્ટ્રોક ગોલ્ડ મેડલ જીત્યો છે. આ તરફ પુરૂષોની 50 મીટર બેકસ્ટ્રોક ઈવેન્ટમાં હંગેરીના હુબર્ટ કોસે દક્ષિણ આફ્રિકાના પીટર કોટ્ઝને પાછળ છોડીને 1:53.19 ના નવા યુરોપિયન રેકોર્ડ સમયમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ અઠવાડિયાની શરૂઆતમાં 100 મીટર બ્રેસ્ટસ્ટ્રોકમાં પણ સિલ્વર મેડલ જીતનાર આ અમેરિકન સ્વિમરે પોતાના અનુભવ અને રેસ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને અંતિમ તબક્કામાં એવજેનિયા ચિકુનોવાને હરાવી, 2 મિનિટ 18.50 સેકન્ડમાં રેસ પૂર્ણ કરીને ગોલ્ડ જીતવાની સાથે ચેમ્પિયનશિપ-રેકોર્ડ પણ બનાવ્યો હતો. ચિકુનોવાએ 2:19.96 ના સમય સાથે સિલ્વર જ્યારે દક્ષિણ આફ્રિકાની કાયલીન કોર્બેટ અને એલિના ઝમુશ્કા બંનેએ 2:23.52 ના સમય સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ફુકુઓકામાં 2023 વર્લ્ડ ચેમ્પિયનશિપમાં 200 મીટર બેકસ્ટ્રોકનો તાજ જીત્યાના બે વર્ષ પછી પેરિસ 2024 ઓલિમ્પિક ચેમ્પિયન હુબર્ટ કોસે બીજું વર્લ્ડ ટાઇટલ જીત્યું હતું. આ ઈવેન્ટમાં કોટ્ઝે 1:53.36 ના આફ્રિકન રેકોર્ડ સાથે સિલ્વર જ્યારે ફ્રાન્સના યોહાન ન્ડોયે-બ્રાઉર્ડે 1:54.62 ના સમય સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં ચીનની યુ ઝીદી સૌથી નાની વયે મેડલ જીતનારી સ્વિમર બની

**4x200 મીટર** ફ્રી સ્ટાઇલમાં બ્રોન્ઝ જીતનારી ચીનની રિલે ટીમમાં 12 વર્ષ અને 9 મહિનાની યુ ઝીદી સામેલ



સિંગાપોર, તા. 01 : અહીં રમાઇ રહેલી વર્લ્ડ એક્વેટિક્સ ચેમ્પિયનશિપમાં ચીનની 12 વર્ષની સ્વિમર યુ ઝીદીએ વ્યક્તિગત તો નહીં પણ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.

સોમવારે મહિલાઓની 200 મીટર વ્યક્તિગત મેડલી ફાઈનલમાં ફક્ત 0.06 સેકન્ડના અંતરે પોડિયમ સ્થાન ચૂકી ગયા બાદ યુ ઝીદી ગુરુવારે રિલે ફાઈનલમાં ચીને બ્રોન્ઝ મેડલ મેળવ્યા બાદસૌથી નાની વયે મેડલ જીતનારી સ્વિમર બની છે. ઓક્ટોબર 2012માં જન્મેલી યુ ફાઈનલમાં સામેલ નહોતી જેમાં ઓસ્ટ્રેલિયાએ યુનાઈટેડ સ્ટેટ્સને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો, પરંતુ આ અઠવાડિયાની શરૂઆતમાં મહિલાઓની 4x200 મીટર ફ્રી સ્ટાઈલ રિલેની હીટ્સમાં પોતાના દેશ માટે સ્વિમિંગ કર્યા બાદ તેણે મેડલ માટે ક્વોલિફાય કર્યું હતું. વર્લ્ડ એક્વેટિક્સ સામાન્ય રીતે સિનિયર અને જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ ઈવેન્ટ્સ માટે લાયક બનવા માટે સ્પર્ધાના વર્ષમાં 31 ડિસેમ્બર સુધીમાં સ્વિમરની ઉંમર 14 વર્ષની હોવી જરૂરી છે. જોકે, યુ મે મહિનામાં ચાઈનીઝ નેશનલ ચેમ્પિયનશિપમાં A-સ્ટાન્ડર્ડ ક્વોલિફિકેશન સમય પ્રાપ્ત કરીને સિંગાપોરમાં ભાગ લઈ શકી હતી.


## મકાઉ ઓપન : લક્ષ્ય, મન્નેપલ્લી સેમીમાં, સાત્વિક-ચિરાગ આઉટ

મકાઉ, તા. 01 (પીટીઆઇ) : ભારતીય બેડમિન્ટન સ્ટાર લક્ષ્ય સેન અને ઉભરતો ખેલાડી તરુણ માનેપલ્લીએ શુક્રવારે મકાઉ ઓપન સુપર 300 બેડમિન્ટન ટૂર્નામેન્ટના પુરુષ સિંગલ્સ સેમિફાઇનલમાં પ્રવેશ કરવા માટે મુશ્કેલ મેચો જીતી હતી. માનેપલ્લીએ 75 મિનિટ ચાલેલી મેચમાં ચીનના હુ ઝેને 21-12, 13-21, 21-18થી હરાવ્યો હતો. જ્યારે લક્ષ્યએ ચીનના ઝુઆન ચેન ઝુને 21-14, 18-21, 21-14 થી હરાવ્યો હતો. જો કે સાત્વિકસાઇરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી ક્વાર્ટર ફાઇનલમાં મલેશિયાના ચુંગ હોન જિયાન અને હેઇકલ મુહમ્મદ સામે 14-21, 21-13, 20-22થી હારી ગઈ હતી.

### સુડોકુ ૭૨૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૯ | ૧ | | ૭ | | |
| | | ૮ | ૬ | ૨ | | | | |
| ૯ | | ૬ | ૭ | | ૩ | ૨ | | ૫ |
| ૮ | | ૧ | | | ૬ | ૩ | | |
| ૪ | | | | | | ૬ | ૧ | |
| | | | ૮ | | ૧ | | ૯ | |
| ૨ | | ૯ | ૧ | | | | | ૩ |
| | ૬ | ૩ | | ૪ | ૮ | ૯ | | |
| | ૮ | ૭ | ૨ | ૩ | ૯ | ૪ | ૬ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### કૃમિ

પતરેલના પાનનો રસ 15 મીલી રોજ ખાલી પેટ દશ દિવસ પીવો.

સાથે એક ગ્રામ કમ્પીલક ચૂર્ણ લેવાથી ઝડપી ફાયદો થશે.

## આજનું પંચાંગ

**તા. 02/08/2025, શનિવાર**

**વિક્રમ સંવત** : 2081 **શાકે** : 1947
**વીર સંવત** : 2551 **માસ** : શ્રાવણ
**તિથિ**: સુદ: આઠમ :07:24 પછી નોમ
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક** : શ્રાવણ: 11 **યોગ** : શુક્લ
**કરણ**: બાવલ **નક્ષત્ર** : વિશાખા - નક્ષત્ર વૃદ્ધિ છે
**રાશિ**: તુલા (ર.ત.) 23.53 પછી વૃશ્ચિક (ન.ય.)
**દિવસ** : અશુભ, અશ્વત્થ મારુતિ પૂજન, નૈનાદેવી મેળા
**સુરતમાં સૂર્યોદય** : 06:14 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:15
**નવકારસી** : 07:02
**પારસી વર્ષ** : 1394, સ્પેન્દારમદ માસનો 23મો રોજ
**મુસલમાન વર્ષ** : 1447, સફર માસનો 07મો રોજ
**દિવસનાં ચોઘડિયાં**: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં**: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ** : સવારે : 09:30 થી 11:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ભાગીદારીની વાત આગળ વધે. રોજના કામમાં પ્રગતિ થાય. આવક વધે.

**વૃષભ (બ,વ,ઉ,):** રોમેન્ટીક મુલાકાત થાય. સ્ત્રી મિત્રો સાથે ગેર સમજ થાય. આરોગ્યનું ધ્યાન રાખવું.

**મિથુન (ક,છ,ઘ,):** વિદ્યાર્થીઓને ટેકનોલોજીનું જ્ઞાન મળે. શેર બજારના કામમાં મદદ મળે. મિત્રોનો સાથ મળે.

**કર્ક (ડ,હ,):** નવા ઘરમાં રહેવા જવાનું બને. વાહન જમીન, ખેતી વગેરેના પ્રશ્નો હલ થાય.

**સિંહ (મ,ટ,):** આવક વધારવાની યોજનામાં ભાઈ-બહેનોનો સાથ મળે. પ્રવાસના ધંધામાં લાભ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** ઉઘરાણી આવે. ખાણી-પીણીના ધંધામાં લાભ થાય. ઘરમાં તાલ મળે વધશે.

**તુલા (ર,ત,):** ક્રિએટીવ અને કાલ્પનિક બનશો. સાહિત્ય અને લેખનમાં પ્રગતિ થાય. સમાજમાં માન વધે.

**વૃશ્ચિક (ન,ય,):** પરિવાર સાથે મનોરંજન પ્રવાસ થાય. વિદેશના કામમાં પ્રગતિ થાય. ખર્ચા વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** વિજાતીય મિત્રોનો સાથ મળે. ઇર્ષાળુથી સાવધાન. આવક વધે. સંતાનોનાં કામમાં પ્રગતિ થાય.

**મકર (ખ,જ,):** ધંધા માટે નવી તક મળે. વડીલોની મદદથી સમાજમાં પ્રભાવ વધે. મન અશાંત.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉચ્ચ શિક્ષણ, કાયદા કાનૂન, લેખન, મિડીયાને લગતા કામમાં સફળતા મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** આરોગ્ય બાબતે સાવધાની રાખવી. પાણીથી દૂર રહેવું. ધાર્મિક પ્રવાસથી શાંતિ મળે.

### કોઇ પણ સાલમાં 02 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં નવા ફેરફાર ટેકનોલોજી અને સરકારની નવી નિતિના કારણે બોજ વધે. સાથે અનુકૂળતા થાય. નવા કામ માટે ટેકનોલોજીથી પ્રગતિ થાય. સમાજમાં માન વધે. સંતાનોનાં કેરીયર-અભ્યાસમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના - વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ-કચેરીમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સરકારી નોકરીનાં કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશના કામમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે મધ્ય વર્ષમાં સફળતા મળે. આવક-વધારવાની યોજનામાં વડીલોનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ ધીમા પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈમાં આર્થિક પ્રગતિથી નવા રોકાણથી લાભ થાય. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં સામાજિક ખર્ચા અને વડીલોની અપેક્ષા વધશે.

## શબ્દગુંફન - ૭૦૨૯

**અરવિંદ એસ. મારૂ**




**આડી ચાવી**

૧. કૃષ્ણના પટરાણી (૪)
૪. ભાઈ (૨)
૬. રોપેલું (૩)
૮. કથા, કહાણી (૨)
૯. કાઢી મૂકેલું (૫)
૧૨. જોવું તે (૩)
૧૩. પાતળું, નાનું (૨૦
૧૪. પાસે પાસે સંકડાઈને આવેલું (૨)
૧૭. ધાતુનો ખખડવાનો અવાજ(૩)
૧૯. સમજણ (૨)
૨૦. ખેલ (૩)
૨૨. ચાલાક, હોશિયાર (૩)
૨૪. રહેવાનું સ્થળ, ઘર, તીર્થ (૨)
૨૬. અનુકૂળ વખત (૨)
૨૭. વાળની લટ (૫)
૩૦. હાથ (૨)
૩૨. આંખમાં આંજવાની મેશ (૩)
૩૩. પ્રાણ, જાન (૨)
૩૪. તાકાત (૨)
૩૫. પગથિયાવાળો કૂવો (૨)
૩૬. કરાર, હોડ, બોલી (૩)

**ઊભી ચાવી**

૧. રોફ (૩)
૨. પાવન (૩)
૩. વાંદરુ (૨)
૫. વિદાયગીરી (૪)
૬. રુઆબ (૨)
૭. તે પ્રમાણે (૫)
૧૦. પરવાનગી (૨)
૧૧. વારંવાર યાદ કરવું (૩)
૧૫. છેવટનું (૩)
૧૬. એક રૂપાળું પક્ષી (૨)
૧૭. લીન, આસક્ત (૨)
૧૮. ચોટલો (૨)
૨૧. રાજાને રહેવાનું સ્થળ (૩)
૨૩. સાતમી રાશિ (૨)
૨૪. ડર, બીક (૨)
૨૫. પાક (૨)
૨૬. તૃપ્ત, ધરાયેલું (૨)
૨૭. વિવેક, મર્યાદા (૩)
૨૮. દુઃખ, પીડા (૨)
૨૯. મજબૂતાઈ (૩)
૩૦. લોટો (૩)
૩૧. ફરિયાદ (૨)
૩૩. ફતેહ, વિજય (૨)



સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
CENTRAL BANK OF INDIA

રીજનલ ઓફિસ - નાશીક : પી-૬૩, એમઆઇડીસી, સતપુર, નાશીક-૪૨૨૦૦૭, ફોન નં. ૦૨૫૩-૨૩૫૦૪૫, ઈમેલ : recvnasiro@centralbank.co.in

(નિયમ ૮(૧)) **પઝેશન નોટીસ** (સ્થાવર મિલકતો માટે)

આથી, **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**, એક કોર્પોરેટ બોડી, જે બેંકીંગ કંપનીઓ (એકિવઝીશન એન્ડ ટ્રાન્સફર ઓફ અંડરટેકીંગ) એકટ - ૧૯૭૦ હેઠળ રચાયેલી છે, **તેની હેડ ઓફિસ : ચંદ્રમુખી, નરીમન પોઇન્ટ, મુંબઈ અને શાખા ઓફિસ : નંદુરબાર, તાલુકો અને જીલ્લો - નંદુરબાર** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૨) અને ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત ડીમાન્ડ નોટીસ તા. **૦૧.૦૪.૨૦૨૫** ના રોજ ઉધારકર્તા **મે. શ્રી સ્વામી સમર્થ એજ્યુકેશન ટ્રસ્ટ, શ્રી અતુલકુમાર શિવાભાઈ સાવલીયા (શ્રી સ્વામી સમર્થ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ), શ્રી સુભાષ ભુકન સાવલે (શ્રી સ્વામી સમર્થ એજ્યુકેશન ટ્રસ્ટના ઉપપ્રમુખ), શ્રી દિનેશ પ્રભાકર જોંધલે (શ્રી સ્વામી સમર્થ એજ્યુકેશન ટ્રસ્ટના સેક્રેટરી), શ્રી પિયુષ મગનભાઈ લુણાગરીયા (ટ્રસ્ટી અને જામીનદાર તરીકે), શ્રીમતી પ્રિતી દિનેશ જોંધલે (ટ્રસ્ટી અને જામીનદાર તરીકે), શ્રી દિનેશ સુભાષ સાવલે (ટ્રસ્ટી અને જામીનદાર તરીકે), શ્રી દિનેશ નારાયણ બુવા (ટ્રસ્ટી અને જામીનદાર તરીકે), સ્વામી સમર્થ ઓટોમોબાઈલ ના ભાગીદાર તરીકે શ્રી અતુલકુમાર શિવાભાઈ સાવલીયા (મોર્ગેજર / જામીનદાર), સ્વામી સમર્થ ઓટોમોબાઈલ ના ભાગીદાર તરીકે શ્રી સુભાષ ભુકન સાવલે (મોર્ગેજર / જામીનદાર), સ્વામી સમર્થ ઓટોમોબાઈલ ના ભાગીદાર તરીકે શ્રી નવનીતભાઈ વલ્લભભાઈ પટેલ (મોર્ગેજર / જામીનદાર), શ્રીમતી વંદના સુભાષ સાવલે (મોર્ગેજર / જામીનદાર), શ્રીમતી હિરાબાઈ પ્રભાકર જોંધલે (મોર્ગેજર / જામીનદાર), શ્રીમતી અરૂણાબેન અતુલભાઈ સાવલીયા (મોર્ગેજર / જામીનદાર)** ને માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ **રૂા. ૨,૨૦,૫૦,૨૭૯/- (રૂા. બે કરોડ વીસ લાખ પચાસ હજાર બસ્સો ઓગણએંસી પુરા)** વત્તા વ્યાજ અને ખર્ચાઓ સાથે ભરવા જણાવેલ હતું.

ઉધારકર્તા ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જામીનદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૨૯.૦૭.૨૦૨૫** ના રોજ નીચે જણાવેલ મિલકતોનો કબજો લઈ લીધેલ છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા** ની રકમ **રૂા. ૨,૨૦,૫૦,૨૭૯/- (રૂા. બે કરોડ વીસ લાખ પચાસ હજાર બસ્સો ઓગણએંસી પુરા)** વત્તા વ્યાજ અને ખર્ચાઓ સાથેના બોજાને આધીન રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં પેટા કલમ (૮) તથા કલમ ૧૩ સરફેસી એકટ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલ્કતોનું વર્ણન**

**મિલકત નં. ૧ :-** શ્રીમતી હિરાબાઈ પ્રભાકર જોંધલે, શ્રીમતી વંદના સુભાષ સાવલે અને શ્રીમતી અરૂણાબેન અતુલભાઈ સાવલીયા ના નામનો તમામ ભાગ અને હિસ્સા સાથેની જમીન પરના બાંધકામ સાથે, (૧) સર્વે નં. ૨૪/૧, જે સ્થિત રાકસવાડે, નંદુરબાર, તાલુકો અને જીલ્લો - નંદુરબાર, મહારાષ્ટ્ર - ૪૨૫૪૧૨, કુલ એરીયા હે૧-૨૦આર, એસેટ રૂા. ૪.૬૪ પીએસ. **ચતુઃસીમા :- પૂર્વે** : સર્વે નં. ૨૪/૨, **પશ્ચિમે** : રોડ, **દક્ષિણે** : પટોંડાના શીવ, **ઉત્તરે** : સર્વે નં. ૨૪/૩.

**મિલકત નં. ૨ :-** મે. શ્રી સ્વામી સમર્થ ઓટોમોબાઈલ દ્વારા (૦૧). શ્રી સુભાષ S/o ભુકન સાવલે, (૦૨). શ્રી અતુલકુમાર શીવાભાઈ સાવલીયા, (૦૩). શ્રી નવનીતભાઈ વલ્લભભાઈ પટેલ ના નામનો તમામ ભાગ અને હિસ્સા સાથેની જમીન પરના બાંધકામ સાથે, જે સ્થિત ઈન્ડસ્ટ્રીયલ એન. એ. ગેટ નં. ૨૯૮/૨, જે સ્થિત નંદુરબાગ, તાલુકો અને જીલ્લો - નંદુરબાગ, મહારાષ્ટ્ર - ૪૨૫૪૧૨, એરીયાનું ક્ષેત્રફળ ૦૩૪ આર, પોસ્ટ - ખરાબ, હેકટર ૦.૦૬ આર., આકરણી રૂા. ૧૩૦.૬૦ પીએસ. **ચતુઃસીમા :- પૂર્વે** : સર્વે નં. ૨૯૮/૩, **પશ્ચિમે** : સર્વે નં. ૨૯૮/૧, **દક્ષિણે** : ધુલે રોડ, **ઉત્તરે** : સર્વે નં. ૧૭૭.

**તારીખ : ૨૯.૦૭.૨૦૨૫**
**સ્થળ : નંદુરબાર**

નોંધ : (વિવાદ ની સ્થિતીમાં અંગ્રેજી આવૃતિને માન્ય રાખવામાં આવશે)

**અધિકૃત અધિકારી,**
**સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**